# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/312 Dt. 27/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા કેન્સર અને અંગ પ્રત્યારોપણ અંગે જાગૃતિ સેશન યોજાયું

## ડો. મહેન્દ્ર ખાનપરાએ પ્રિવેન્શન ઇઝ બેટર ધેન કયોર વિષે અને ડો. નિકેત શાહે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ – ફેકટ્સ એન્ડ મિથ્સ સંદર્ભે જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કેન્સર તથા અંગ પ્રત્યારોપણ' જેવા અતિ મહત્વના વિષયોને લઇને અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં આરોગ્ય ક્ષેત્રના અનુભવી અને પ્રતિષ્ઠિત તબીબોએ ઉપસ્થિતોને મહત્વપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

આ સેશનમાં પ્રથમ વક્તા તરીકે ડો. મહેન્દ્ર ખાનપરા (MS, DrNB – ઓન્કો સર્જરી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન કયોર પર માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં જીવનશૈલીમાં થયેલા ફેરફારોને કારણે કેન્સરના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. તેમણે તંબાકુ સેવન, અસંતુલિત આહાર, વ્યાયામનો અભાવ અને તણાવ જેવા જોખમકારક પરિબળો વિશે સમજણ આપી હતી. સાથે જ નિયમિત આરોગ્ય તપાસ, શરૂઆતના લક્ષણોની ઓળખ અને સમયસર સારવાર દ્વારા કેન્સરને ઘણી હદ સુધી રોકી શકાય છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ત્યારબાદ બીજા વક્તા તરીકે ડો. નિકેત શાહે (MS, M.Ch. – GI & HPB, લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન) 'ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ – ફેક્ટ્સ એન્ડ મિથ્સ' સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે અંગ પ્રત્યારોપણ અંગે સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ દૂર કરી, તેની વૈજ્ઞાનિક હકીકતો વિષે સરળ ભાષામાં સમજણ આપી હતી. તેમણે જણાવ્યું કે અંગદાન અને અંગ પ્રત્યારોપણ અનેક દર્દીઓના જીવનને નવી દિશા અને નવી આશા આપે છે. સાથે જ તેમણે અંગદાન અંગે જાગૃતિ વધારવાની આવશ્યકતા પર પણ ભાર મૂકયો હતો.

આ જાગૃતિ સેશન દરમિયાન ઉપસ્થિતોએ બંને વક્તાઓ સાથે સવાલ–જવાબ સત્રમાં સક્રિય રીતે ભાગ લીધો હતો અને આરોગ્ય સંબંધિત અનેક શંકાઓનું નિવારણ મેળવ્યું હતું. ચેમ્બર દ્વારા આયોજિત આ સેશનને ઉપસ્થિત સભ્યો અને નાગરિકો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.